# વિદેહ અમરત્વ - વ્યાસપુત્ર શુકદેવજી

લેખાંક-૩૮

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

આગાઉના લેખોમાં સમજ્યા તેમ મહર્ષિ વ્યાસજીની વિનંતીથી, ઈન્દ્ર દ્વારા આદેશ અપાયેલ અપ્સરાઓ શુકદેવજીનો માર્ગ રોકી, કામબાણ દ્વારા તેમનું જ્ઞાનભંગ થાય તેવા પ્રયત્નો કરે છે. તેના ભાગરૂપે રંભા નામની અપ્સરા બાલજોગણનું મનોહર સ્વરૂપ લઈ, તેમને આકર્ષવાના પ્રયત્નો સાથે તેમની સાથે સંવાદો કરે છે. રંભા તેના પ્રયત્નમાં સફળ થતી નથી. અકળાયેલી રંભા આખરી શસ્ત્ર તરીકે શુકદેવજીના અંગનો સ્પર્શ કરવા જાય છે પરંતુ જેવો શુકદેવજીના અંગનો સ્પર્શ કરવા પ્રયત્ન કરે છે ત્યાં તો શુકદેવજી પોતાની યોગશક્તિ વડે અદ્રશ્ય થઈ જાય છે. આથી આખરે રંભા નિરાશ થઈને ઈન્દ્રભુવનમાં પાછી વળે છે.

આ બાજુ શુકદેવજી તેના લક્ષ્ય તરફ એટલે કે જનકરાજાને મળવા માટે અને વિદેહ જીવનનું રહસ્ય સમજવા માટે મિથિલાનગરી તરફ આગળ વધે છે. મિથિલાનગરીના રસ્તે આગળ વધી જ્યાં મિથિલાનગરીની નજીક આવ્યા ત્યાં જ નારાયણ! નારાયણ! નું રટણ કરતા નારદમુનિ સામે મળ્યા. નારદજીને જોઈને શુકદેવજીએ તેમના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. નારદજીએ પૂછ્યું કે, ''આપ ક્યાં જઈ રહ્યા છો અને શું સંકલ્પ કરીને આમ આકરી યાત્રા કરી રહ્યા છો?''

ત્યારે શુકદેવજીને મનમાં થયું કે નારદજી બધું જાણતા હોવા છતાં મને ગુંચવે છે આથી વાતને બીજી દિશામાં વાળવા તેઓ નારદજીને સામે સવાલ પૂછે છે કે, ''હે ભગવંત! આપ મને બતાવશો કે ભગવાનનું ઘર કયું છે?'' ત્યારે નારદજી થોડી કરડાકી અને થોડા હાસ્ય સાથે જવાબ આપે છે,

"ગંગામહી નાહ્યા પછી નહાવાનું બાકી શું રહ્યું?
ગાયા મુખે ગોવિંદ તો ગાવાનું બાકી શું રહ્યું?"

આપણી લૌકિક ભાષામાં કહીએ તો, આ આખા પ્રસંગનું દિગ્દર્શન કરી રહેલા નારદજીએ મનમાં વિચાર કર્યો કે આ પુણ્યશાળી જીવ 12 વર્ષે જન્મ લઈ પૃથ્વી પર પ્રગટ થયો છે અને એના હાથે કંઈક મહાપુરુષોના કલ્યાણ થવાના છે. એ જો પોતાનું કાર્ય અધૂરું મૂકી દે તો મહા અનર્થ થશે માટે એને સમજાવીને પાછા વ્યાસજીના આશ્રમ તરફની દિશા બતાવી દઉં તો સારું થાય. તેથી ખૂબ પ્રેમાળ ભાવ બતાવીને શુકદેવજીને ફરી પૂછવા લાગ્યા કે, ''બાલમુનિ તમે આ તરફ ક્યાં જાઓ છો?''

ત્યારે શુકદેવજી કહે છે કે, ''હું મિથિલાપુર નગરીમાં જનકરાજા પાસે જાઉં છું.'' શુકદેવજીની વાત સમજી નહિ શકેલા નારદજીએ પૂછ્યું કે, ''જનકરાજા પાસે શા માટે?''



શુકદેવજી જવાબમાં પોતાના પિતાશ્રીનો ઉલ્લેખ કરીને કહે છે કે, ''મારા પિતાશ્રીની આજ્ઞા અનુસાર જનકરાજા પાસે મારે ઉપદેશ લેવાનો છે અને સમજવાનું છે કે તેઓ વિદેહ જીવન વિતાવી રાજ્ય કઈ રીતે ચલાવી શકે છે?''

ત્યારે નારદજી હસતા હસતા કહે છે કે તમારે તે વળી જનકરાજા પાસે ઉપદેશ લેવાનો હોય? તમારા પિતાશ્રી આખા વિશ્વને ઉપદેશ આપે તેવા સમર્થ છે માટે તેમના આશ્રમમાં પાછા જઈ તેમની પાસે જ ઉપદેશ ગ્રહણ કરો.''

શુકદેવજી કહે છે કે, ''મારા પિતાશ્રી તો મને સ્ત્રી સાથે પરણાવીને સંસાર માંડવાનો આદેશ આપે છે.''

ત્યારે નારદજી બોલ્યા કે એ જે કહેતા હશે તે ખરું જ કહેતા હશે કારણ કે - "ત્યાગી જગત વ્યવહારને, સૌ ઈન્દ્રિયો જીતવી સહી,
અતિ તીવ્ર પૂર્ણ વિરાગ વિના સન્યસ્ત કદી લેવું નહિ."

નારદજી સમજાવે છે કે સંન્યાસનો નિર્ણય ખૂબ કઠીન છે. જો અતિ તીવ્ર ઈચ્છા હોય અને મન જો પૂર્ણ વૈરાગ્યમય થઈ જાય તો જ સંન્યાસનો વિચાર કરાય અને હા, આવો નિર્ણય કરવા માટેની તમારી ઉંમર ખૂબ નાની છે.''

ત્યારે શુકદેવજી જવાબમાં કહે છે કે,
"વૈરાગ્ય યોગે જનમીયો, વૈરાગ્ય છે ઉરમાં ભર્યો,
કર્યું જ્ઞાન પ્રાપ્ત પરોક્ષ રીતે, અપરોક્ષ ને જ્ઞાન વડે ઠાર્યો."
નારદજી દલીલમાં કહે છે,
"છે પ્રબળ સહુ પંચેન્દ્રિયો, નિજ હાથમાં રહેતી નથી;

> **નારદજીએ મનમાં વિચાર કર્યો કે આ પુણ્યશાળી જીવ 12 વર્ષે જન્મ લઇ પૃથ્વી પર પ્રગટ થયો છે અને એના હાથે કંઈક મહાપુરુષોના કલ્યાણ થવાના છે. એ જો પોતાનું કાર્ય અધૂરું મૂકી દે તો મહા અનર્થ થશે માટે એને સમજાવીને પાછા વ્યાસજીના આશ્રમ તરફની દિશા બતાવી દઉં તો સારું થાય**

ઉત્પન્ન કરી વિચાર, કાચા હૃદયને નાખે મથી."
શુકદેવજી જવાબ આપતા કહે છે,
"ત્યજી સંગ માતપિતા તણો, વનમાં જઈ તપ આદરું;
અનિચ્છ જે મનથી ગણ્યું, ચિંતન ન તેનું ફરી કરું."

નારદજીને શુકદેવજીની આ દલીલ કે જેમાં માતા-પિતાને ત્યજવાની વાત છે તે ગમતી નથી આથી તેઓ સમજાવટના સ્વરમાં કહે છે,

"ત્યજી સંગ માતા-પિતા તણો, ઈચ્છો તમે વનમાં જવા;
પણ વનમહિ મૃગ સાથ પાછો, સંગ પણ દેશો થવા;
ચિંતા રહિત વનમાં થશો જ, તેનો નહિ નિશ્ચય કશો;
છે પંચભૂતો સહુ સ્થળે, નિ:સંગ શી રીતે થશો?
આવા પ્રયત્નો પ્રથમ કરતા, વાસના કઈ ના મટે;
તે કાજ ક્રમ આશ્રમ તણો, છે ઉચિત જે સહુને ઘટે.''

શુકદેવજી વિચારે છે કે નારદજી તો પિતાશ્રીની ભાષા જ બોલે છે. તેઓ પણ પંચભૂત વડે ઉત્પન્ન થયેલા સંસારને અને ચાર આશ્રમને જ મહત્ત્વ આપે છે. માટે હવે નારદજીને મારે બરાબર જવાબ આપવો પડશે. તેઓ નારદજીને વળતો શું જવાબ આપે છે તે સમજશું આવતા લેખમાં.

(ક્રમશ:)

# કલમી આંબો

બાઉલ કથા



લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ

પશ્ચિમ બંગાળના ઉત્તર છેડે અમરાલ દીઘી જળાશયના કાંઠે પતાન નામના ગામના છેવાડે સંપ્રતિ દાસ બાઉલનો નાનકડો આશ્રમ છે. સામાન્ય રીતે બાઉલ અન્ય કરતાં પોતાની જુદી જ આગવી વિચારધારા ધરાવતા હોય છે પરંતુ આ બાઉલ તો 'બાશરા બાઉલ' કહેવાતા તેથી તેમનું વિચારવું તો સૌથી નિરાળું રહેતું.

એક વખતે વર્ષાની ઋતુ પૂર્ણ થઈ હતી ત્યારે શરદના પ્રારંભે અમે તેના આશ્રમમાં ગયા. આશ્રમની કુટિર તો ખાલી હતી. બાઉલ ક્યાંય દેખાયા નહીં પરંતુ આશ્રમના પાછળના ભાગમાં જોયું તો એક આંબાના ઝાડ પાસે બાઉલ કંઈક મથામણ કરતા દેખાયા. મારી સાથે કલકત્તાથી પાંચાલ ડે આવ્યા હતા. અમે બંને તે તરફ ગયા.

બાઉલને 'જય ગુરુ' કહી અભિવાદન કરીને પૂછ્યું કે આ શાની મથામણ કરો છો? તેણે કહ્યું કે આ આંબામાં એકબીજા આંબાની કલમ કરું છું. કામ પૂર્ણ થવામાં છે. બેત્રણ મિનિટમાં તો કામ પૂર્ણ થયું. હાથમોં ધોઈ અને તે આશ્રમમાં આવ્યા.

અમારી સામું જોઈ અને બોલ્યા, ''મારો આંબો આમ્રપાલી પ્રકારનો છે. આ જે નવી ડાળી કલમ કરી છે તે ભાદુરી પ્રકારનો છે. લોકો કહે છે કે આમ્રપાલી કરતાં ભાદુરીનાં ફળ વધુ મીઠાં હોય તેથી આ કલમ લગાવવી છે.''



પછી તરત બોલ્યા, ''સતીશ! કલમ માટે આ ડાળ જ્યાંથી તોડી, તે આંબો 8 વર્ષનો છે. જ્યારે મારો આમ્રપાલી આંબો 25 વર્ષનો છે. તો હવે કલમી ડાળીની ઉંમર કઈ ગણાય? 25 વર્ષ કે 8 વર્ષ?''

મેં કહ્યું, ''મને કંઈ ખબર નથી!''

તેણે કહ્યું, ''વિતાન દાસનું એક ગીત છે. તે તને સંભળાવું. તે કહે છે કે હું મૂળ ઝાડ પર કલમ કરેલી ડાળ છું, મારું આયુષ્ય કેટલું ગણશો? મૂળ ઝાડ જેટલું કે કલમી ડાળ જેટલું? કલમ કરી ત્યારથી મારા આયુષ્યની શરૂઆત ગણો તો તો મારા પર સાવ ટૂંકા ગાળામાં ફળ કઈ રીતે આવે? તેથી તમારે મારી ઉંમર મુખ્ય ઝાડના જેટલી જ ગણવી પડે! હું કલમની પર લગાવેલ કલમ છું! કાળ મને ક્યારેય નષ્ટ નહીં કરી શકે! આ ઝાડ પર તો અનેક પ્રકારની ડાળ કલમ કરેલ છે! તેના પરનાં ફૂલના રંગ જુદા જુદા હોઈ શકે, ડાળીએ ડાળીએ ફૂલડા જુદાં હોઈ શકે, લાલ પણ હોય અને પીળાં પણ હોય પણ યાદ રાખજો કે થડ અને મૂળ તો બધાંના એક જ છે!''

સાંભળ, આ ગીત,
આમિ મૂળ ગાછેર ઉપર કલમ હય!
કિ ભાવે આમરા જીવનકાલેર અનુમાન કરા જાય?
આમિ મૂળ ગાછેર ઉપર કલમ હય!

> **જેમ વૃક્ષની ડાળીમાં ડાળી કલમ કરી વૃક્ષને વર્ષો સુધી જીવંત રાખી અમર બનાવી શકાય તે રીતે વિચારની કલમ કરી, શિષ્ય પરંપરા દ્વારા વિચારને વર્ષો સુધી અમર કરી શકાય છે**

પ્રધાન ગાછેર અનુસારે ગણના કરે હયછિ,
તાઈ તો આમિ અલ્પ સમયે ફલ પેયેછે,
આમિ કલબી એબમ્ કલમ થેકે જ નમેછિ,
કાલેર આમાદેર કિછુ નાઈરે ભય!
આમિ મૂળ ગાછેર ઉપર કલમ હય!

મેં પૂછ્યું, ''વિતાનદાસે ફક્ત ઝાડ માટે જ આ થોડું લખ્યું હશે?''

બાઉલ બોલ્યા, ''ના, તારી વાત સાચી છે, તેમણે તો મનુષ્ય માટે લખ્યું છે! જેમ વૃક્ષની ડાળીમાં ડાળી કલમ કરી વૃક્ષને વર્ષો સુધી જીવંત રાખી અમર બનાવી શકાય તે રીતે વિચારની કલમ કરી, શિષ્ય પરંપરા દ્વારા વિચારને વર્ષો સુધી અમર કરી શકાય છે!''

આશ્રમના ફળિયામાં તાજો જ કલમી આંબો મરકતો હતો અને અમારા ચિત્તમાં આ વિચાર પણ મરકતો હતો.